# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ જીવદયા વિભાગ ○

○ લેખક ○

**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# જીવદયા વિભાગ

(Animal protecton is education to humanity)

**(૧) પશુબચાવ :** ભારત દેશમાં પશુઓને પશુધન કહેવાતું હતું. આનંદ-કામદેવ શ્રાવક વગેરે પાસે ૧૦,૦૦૦ ગાયોના એક એવા અનેક ગોકુળ હતાં. તેમાંથી સારી રકમ તેઓને મળતી હતી. આજે પરદેશની ખરાબ નીતિને કારણે ભારતના પશુધનને નષ્ટ કરવાનો Plan છે. ભારતની સમૃદ્ધિને ખતમ કરવાની આ ચાલ છે. હાલ પણ Foreign export માટે મોટા ભાગનું પશુધન મારવામાં આવી રહ્યું છે. meat લોબીના force ને કારણે તથા સરકારને હુંડિયામણ મળે તે માટે મૂંગા પશુઓને મારવામાં આવી રહ્યાં છે. કોણ બચાવશે આ પશુઓને ??? એક વાત ખાસ નોંધ લેવી કે દરેક પશુઓ profitable (payback) છે. જો પૈસાની દૃષ્ટિએ જોવાનું હોય તો પણ જો જીવદયાની દૃષ્ટિએ જોવાનું હોય તો દરેક પશુ નહીં પણ નાનામાં નાના જીવને પણ જીવવાનો અધિકાર છે. આયુર્વેદિક ગ્રંથ આર્યાભિષેકમાં પાછળના ભાગમાં પશુઓની ઉપયોગિતા અંગે માહિતી આપી છે. આજના સંશોધકો ગૌમૂત્ર-છાણાદિમાંથી લાઇટ-પંખાદિ પણ ચાલુ કરવા પ્રયત્ન કરી રહ્યાં છે. કેટલાક સંશોધકો પેટ્રોલ-ડીઝલને બદલે પશુમૂત્રથી four wheler ચલાવવા પ્રયત્ન કરી રહ્યાં છે. This earth was made for all beings not just human beings. દૂધ-ઘી દ્વારા પણ સારામાં સારો Profit (gain) પશુ આપી રહ્યાં છે તો શા માટે પશુઓની કતલ કરવી જોઇએ. દૂધ ન દેતા પશુઓ પણ મૂત્ર-છાણાદિ દ્વારા જમીનને ફળદ્રુપ બનાવે છે. રસાયણિક ખાતર દ્વારા જમીનને પુષ્કળ નુકશાન થાય છે ત્યારે જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવામાં પશુઓનો ફાળો અત્યંત મહત્વનો છે.

જો આજના પશુપાલકને આ બધી વાતો સમજાવવામાં આવે તો પશુપાલકો કસાઇઓને પશુ વેચતાં બંધ થાય. આજના કાળમાં પશુપાલકોને પશુ દ્વારા કેટલી આવક કેવી રીતે થાય છે તે સમજાવવાની જરૂર છે. તેઓ ઘેટાં-બકરાદિને કતલની દૃષ્ટિએ મોટા કરતાં ક્યાંક જોવા મળે છે પરંતુ જો દરેક પશુઓ પાછળ સારામાં સારી આવક છે તે ખબર પડે તો કોઇ પણ પશુપાલક પશુઓની કતલ કરાવવા તૈયાર નહિં થાય.

**(૨) જીવદયા પ્રેમીઓનું સંગઠન :** અનેક જીવદયાના કાર્યકર્તાઓ જીવદયાના કાર્યો કરી રહ્યાં છે. અનેકવિધ સંસ્થાઓ પણ જીવદયાના કાર્યોમાં સતત પ્રયત્ન કરી પશુઓની રક્ષા કરી રહી છે. પણ જો દરેક તાલુકા-જીલ્લા અને રાજ્ય પ્રમાણે સંગઠન મજબૂત ઉભું થાય તો દરેક રાજ્યના મુખ્ય જીલ્લા - તાલુકાના નાના નાના ગામડાં સુધી ગાય-ભેંસ-ઘેટાં-બકરાં-ઉંટ-ગધેડાં વગેરે પશુઓ આજે દેશને અને વ્યક્તિઓને કેટલાં ઉપયોગી થઇ રહ્યાં છે તેની માહિતી મળે. પશુમાંથી જે મૂત્ર-છાણાદિની પ્રાપ્તિ થાય (દૂધ સિવાયના પશુમાંથી) તે મૂત્ર-છાણાદિ (લીંડી વગેરે) દ્વારા દવા જે બને છે તે માનવને કેવી રીતે આરોગ્યની દૃષ્ટિએ ઉપયોગી થાય છે તેનો પ્રચાર-પ્રસાર તથા Marketing વ્યવસ્થિત થવું જોઇએ. જો પશુના મૂત્ર-છાણ-લીંડીમાંથી દવાનો ઉપાડ વિશેષ થાય તો પશુ દ્વારા પશુપાલકોને આવક સારી થાય અને પશુપાલકોની આવક વધતાં કોઇપણ પશુપાલક પશુ નહિ વેચે અને દેશના લોકોની આરોગ્યની પણ વૃદ્ધિ થાય. આ બધું ત્યારે શક્ય બને જો જીવદયા પ્રેમીઓનું સંગઠન મજબૂત હોય તો. (Spreading love whether it goes on two or four) આવું સંગઠન ઉભું કરવું દરેક રાજ્ય માટે અત્યંત જરૂરી છે. દર છ મહિને જો

આ જીવદયા પ્રેમીઓની મિટીંગ થતી જાય તો પશુપાલકો તથા ખેડૂતોને ઘણું જાણવા મળે અને તેઓ પશુઓને વિશેષથી સાચવે. તેથી RSS, વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળાદિ પણ આ કાર્યો કરી રહી છે. મુંબઇમાં વર્ધમાન સંસ્કારધામ, સમસ્ત મહાજન, વિનયોગ પરિવાર, વર્ધમાન પરિવાર પણ જીવદયાના સુંદર કાર્યો કરી રહી છે અને અનેક પરિણામો જૈનસંઘને મળી રહ્યાં છે. જરૂર છે વિશિષ્ટ સંગઠનની આવો યુવાનો "જાગો યુવાનો, જાગો" "અબોલ પશુ કરે પુકાર હમે બચાવો હે નરનાર."

**(3) Bird Camp :** ઉત્તરાયણાદિ પ્રસંગોમાં અનેક પંખીઓ માંજાદિમાં ફસાઇ જાય છે. અને ઘણાં પંખીઓના મોત થાય છે. ઘણાં ઘાયલ થઇ જાય છે. કોઇક પંખી ઉડવા માટે પણ સક્ષમ રહેતા નથી. તેથી આ અંગે પબ્લીકમાં જાગૃતિ લાવવાની વિશેષ જરૂર છે.

Have Birds not kites.

**(૪) Unofficial Chicken – Mutton Shop :** મુંબઇમાં ઘણી Mutton chicken Shop શરૂ થઇ છે. શું આ બધી Mutton shop chicken shop official છે ??? પ્રાયઃ મોટાભાગની બધી unofficial shop છે. દુકાનમાં જે mutton વેચાય છે તેની બાજુમાંથી પસાર થવામાં ઘણાં જીવદયા પ્રેમીઓની લાગણી દુભાય છે છતાં ખુલ્લામાં માંસ વેચાતું થયું. પાંજરામાં મૂકેલા પશુઓની ચિચિયારીથી જીવદયા પ્રેમીઓનું મન disturb થાય છે - આ રીતે ક્રૂર હત્યા શા માટે ? મરઘાં - મરઘીનો શો અપરાધ છે કે તમે તેનો જાન લો છો ??? જો આમ જ ચાલશે તો જતા દિવસમાં હિંદુઓ ઘણા માંસાહારી બની જશે.

Please save all hindus from Masahar – Be

Vegetarian.

**(૫) દવાદિ બનાવવા :** પશુઓ અને પંખીઓના મળમૂત્રમાંથી જો દવા બને તો ઘણી ઉપયોગી દવા Public ને મળી શકે. તેની વિશેષ જાણકારી જાણકારો પાસે મળી શકે. ગાયના દૂધનો માવો અથવા ગૌમૂત્રમાંથી દવા બનાવવામાં આવે તો ૬ મહિના તાવાદિ ન આવે. અમુક દવા એવી અક્સીર છે કે જે વાપરવાથી બીમારીઓ આવે નહિ અને શરીર સશક્ત બને. એલોપેથીના નુકશાન સામે આયુર્વેદના ફાયદા અપરંપાર છે. તેમાં પશુઓના મળમૂત્ર માટે જો વ્યવસ્થિત Planning કરવામાં આવે અને Marketing કરવામાં આવે તો જરૂર વિશેષ ફળ મળે તેમ છે.

**(૬) Video Clip દ્વારા પ્રચાર કરવો :** જીવદયાના નાના મોટા Video બનાવીને જો મહેનત કરવામાં આવે તો જાગૃતિ વિશેષ આવે. પ્રચાર કરવામાં Video Clip ઘણી ઝડપથી ફેલાઇ જાય છે. માર્મિક લખાણવાળી જો Video Clip બનાવીને Public માં મૂકાય તો જાગૃતિ ખૂબ આવે. Video Provide content to help understanding આ માટેનું પ્રથમ મેટર તૈયાર કરીને Video બનાવનાર Video audio બનાવીને marketing (strategy) કરનાર જો વ્યવસ્થિત marketing કરે તો ખૂબ લાભ થાય. તે અંગે ખાસ પ્રયત્ન કરવો જરૂરી લાગે છે. લાખોની સંખ્યામાં પશુઓને મારવામાં આવે છે તો તેને બચાવવા માટે આ ઉપાય વિશેષ લાભદાયી બનશે.

**(૭) પાંજરાપોળને Self finance બનાવવી :** મોટાભાગની પાંજરાપોળ જ્યારે charity / donation ઉપર ચાલે છે ત્યારે મુસીબતો જે ઉભી થાય છે તે ખૂબ વિચારણીય છે. ટ્રસ્ટીઓ એક બાજુ રોજના ખર્ચ માટે fund ઉભું કરવા મહેનત કરે અને

બીજી બાજુ પાંજરાપોળને વ્યવસ્થિત સુધારા-સંચાલન કરવું તે પણ એક મોટી ચેલેંજ છે. આવી રીતે બે બાજુ કેવી રીતે પહોંચી શકાય ??? તેથી પશુઓને કેવી રીતે સાચવવા ? how to save the animals ? મોટા ભાગના પશુઓ બિમાર હોવાને કારણે તેઓની કાળજી પણ ખૂબ મહત્વની છે. આનો ઉપાય એક જ છે કે દરેક પાંજરાપોળ self finance બની જાય તો donation પાછળ મહેનત ઓછી થાય જેથી પશુઓની કાળજી વિશેષ લઇ શકાય. આ માટે શું વિકલ્પ હોઇ શકે ? તે માટે ટ્રસ્ટીઓ અને સ્થાનિક કાર્યકર્તા વિશેષ જાણકાર હોય તેઓની સાથે બેસીને Planning બનાવવા જોઇએ. વિશેષ ત્યાંના કર્મચારીઓ પણ જાણકાર હોય self finance માટેનો idea (map) બનાવી શકે.

**(૮) પાંજરાપોળની extra જગ્યા :** એક મોટો પ્રશ્ન છે કે બાપ-દાદાઓએ પૂર્વે પાંજરાપોળ માટે ઘણી વીઘાઓ જગ્યા લઇને રાખેલ હતી પણ કોઇક સંજોગ એવા થયા કે પાંજરાપોળની જગ્યામાં અન્ય વ્યક્તિઓ આવીને રહેવા લાગ્યા, આ જગ્યા ખાલી નથી કરતાં તેથી કરોડ રૂપિયાની જગ્યાઓ દબાઇ ગઇ છે. વધુમાં વધુ તેઓનો કેસ કોર્ટમાં ચાલે છે પરંતુ જગ્યાનો કબજો પાંજરાપોળમાં ન હોવાથી તેમાંથી ઉપજ મળતી નથી. જો આ જગ્યામાં કોઇક વ્યવસ્થિત મહેનત કરે તો આજે પણ આ જગ્યામાંથી અનેક આવકો (income sources) ઉભી થઇ શકે. આ માટે કોર્ટના રસ્તે કબજો લેવાનો plan વર્ષો માંગી લે છે. ત્યારે જલ્દી કબ્જો મળે અને તેની આવક પાંજરાપોળને મળે તેવું કરી શકાય. પૂર્વેના કાર્યકર્તાઓ બહારથી ઘાસ લાવવાને બદલે છાણિયું ખાતર ખેતરમાં નાંખી ઘાસની આવક ઉભી કરતાં હતાં. જેથી બહારનું મોંઘુ ઘાસ લાવવાનું રહે નહિ. કેટલીક પાંજરાપોળ

પાસે સેંકડો વીઘા જમીન પડી છે. શું ફરી પાંજરાપોળની જમીન ન થઇ શકે. એક ટીમ આ અંગે જ જો મહેનત કરે તો કદાચ સફળતા મળી શકે. વિચારવું – team spirit is needed.

**(૯) મત્સ્ય ઉદ્યોગને કેટલો ઉદ્યોગ કહેવાય :** હાલ પોરબંદરાદિ સ્થાનોમાં પુષ્કળ પ્રમાણમાં માછલા નવા ઉત્પન્ન કરતાં જાય છે અને મારતા જાય છે. શું માછલાને મારવાનો આપને right છે ? જો ના તો કેવી રીતે આટલા માછલાને મારવાની પ્રક્રિયા કરવા દેવી ? રોજના કરોડો માછલા મારે છે અને તેમાંથી ભવિષ્યમાં શું થશે તે ચિંતાનો વિષય છે. મને કોઇક સમાચાર આવ્યા છે કે માછલીને મારીને ભવિષ્યમાં તેનો લોટ વેચાશે. માણસ પોતાના પાપી પેટના માટે કેટલા જીવોનો જાન લેશે ??? માછલા મારવાને ઉદ્યોગ કહેવાય કે કતલખાનું કહેવાય. પૃથ્વી ઉપરના અને પાણીમાં રહેલા બધાં જીવોને મારવાની માણસની પ્રવૃત્તિ દિન-પ્રતિદિન ઘાતક બની રહી છે. શું કરવું ? કોને કહેવું ? જ્યારે સરકાર જ માંસાહારને પ્રોત્સાહન આપે, જ્યારે સરકાર જ કતલખાનું ચલાવે ત્યારે અબોલ પ્રાણી કોના ભરોસે પોતાનો જાન બચાવશે ??? હે ભગવાન ! અમને બચાવો... અમને બચાવો...

દરેક નાના-મોટા પશુ-પંખી અને જીવજંતુ પોકારી રહ્યાં છે.

"Kindness is a language which the deaf can hear and blind can see."

**(૧૦) ઇંડા આરોગ્યના કરે મીંડા :** આજના સમયમાં ઇંડાની ઉત્પત્તિ ખૂબ વધી ગઇ છે. ઘણાં પ્રોડક્ટ્સમાં પણ ઇંડા નાંખવામાં આવી રહ્યાં છે. ઘણી નાની-મોટી દુકાનોમાં પણ ઇંડા ખૂબ વેચાય છે. સ્કૂલમાં પણ શક્તિના નામે ક્યાંક ઇંડા અથવા તેની આઇટમો

અપાય છે. (જો કે કઠોળાદિમાં પુષ્કળ શક્તિ રહેલી છે) આમલેટની દુકાનો-લારીઓ દિન-પ્રતિદિન વધી રહી છે. ત્યારે ઇંડાથી હિંદુઓને કેવી રીતે બચાવવા ? આ માટે શાકાહારી લોકો તરફથી આ અંગેના પુસ્તકો video clip દ્વારા પ્રચાર જરૂરી બનતો જાય છે. જો આમ જ ચાલ્યા કરશે તો રોજના અબજો ઇંડાઓની ડીમાન્ડ થશે અને તેટલા પ્રમાણમાં જીવોના શરૂઆતના સ્ટેજમાં જ હિંસા થશે. શું ઇંડા શાકાહારી છે ? કે માંસાહારી ? આની ચર્ચા ચાલતી રહે છે. સામે પ્રશ્ન થાય શું ઇંડા ઝાડ ઉપર ઉગે છે ? કે મરઘીના પેટમાં ? તમારા family ને ઇંડાના પાપથી બચાવવા જરૂરી છે.

**(૧૧) હાઈવે ઉપરથી પસાર થતી બકરાં ઘેટાંની ગાડીઓ** "Save Animals." : નેશનલ હાઇવે ઉપરથી જ્યારે જવાનું થાય ત્યારે અનેક ઘેટાં-બકરાંની ભરેલી ગાડીઓ પસાર થતી જોવા મળે છે. ત્યારે મનમાં અનેક વિચારો ચાલે છે. પણ મન મનાવીને આગળ વધી જઇએ છીએ. સરકારના ઘણા કાયદાઓની ઐસી-તૈસી પશુઓને લઇ જવામાં કરાતી હોય છે. ખટારામાં અમુક limit થી વધુ ઘેટાં-બકરાં લઇ જવાતા નથી તથા તેના ચારા-પાણીની વ્યવસ્થા જોઇએ વગેરે ઘણા કાયદા લાગે છે. લગભગ કાયદાઓનું પાલન થતું નથી. જો હાઇવે ઉપર ચોકી કરવામાં આવે તો ઘણા પશુઓ મરતા બચી જાય તેમ છે. યુવાનોનું ગ્રુપ તૈયાર થાય તો આવા કાર્ય કરવા દ્વારા ઘણા પશુઓને જીવનદાન મળી શકે.

**(૧૨) મંદિરાદિ પવિત્ર સ્થાનોની પાસે ઇંડા-આમલેટ-માંસાહારની દુકાન-લારી :** પવિત્ર સ્થાનો અપવિત્ર ન કરાય. જ્યારે બાજુમાં જ અપવિત્ર વસ્તુઓ વેચાય ત્યારે પવિત્ર સ્થાનમાં આવનારા વ્યક્તિઓને આ બધુ જોઇને લાગણી દુભાય છે. એક સ્થાનમાં

મંદિરની બહાર જ રાત્રે ૧૨ થી ૩ ઇંડાની આમલેટની લારી ઉભી રહેતી હતી. આમ પવિત્રતાનું નાશક તત્વને પવિત્ર સ્થાનની નજીક આવવા ન દેવું જોઇએ. મંદિરના ટ્રસ્ટીઓએ આ અંગે તકેદારી રાખવી જોઇએ.

**(૧૩) ઘરમાં જીવદયાનું પાલન અત્યંત જરૂરી :** રસોડામાં વાંદા, બેડરૂમમાં માંકડ, ડ્રોઇંગરૂમમાં મચ્છર, કીડી-મંકોડાદિને મારવાનું દિન-પ્રતિદિન વધી રહ્યું છે. ત્યારે પ્રથમ સૌએ પોતાના ઘરમાં જીવદયાનું પાલન કરાવવું જરૂરી છે. ઘરના દરેક સભ્યોને સમજાવવું પડશે.

૧) જીવદયાથી જીવોની હિંસા બંધ થશે.

૨) કરુણાના સંસ્કાર જળવાશે.

૩) આરોગ્ય પણ સારૂં મળશે.

૪) બીજાને આદર્શરૂપ બનશો.